# B. Ed. Sem. II Examination April - 2016

## Course : 7a Pedagogy of School Subject
## Code: 9102 ECONOMICS METHOD

[Total Marks : 50 Time : 2 Hours]

**૧. પ્રશ્નની નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો:** ૧૨

(૧.૧) આધુનિક અર્થશાસ્ત્રનો ઉદ્દેશ્ય શું હતો?

(A) કલ્યાણલક્ષી (B) સમજપ્રાપ્તિ (C) આદર્શનો (D) નાગરિકતાની તાલીમ

(૧.૨) આકૃતિઓ કે કોઠાને રજૂ કરવાનું સાધન કયું છે?

(A) આલેખ (B) ચાર્ટ (C) ચિત્ર (D) સ્લાઈડ

(૧.૩) "આર્થિક પરિસ્થિતિ પરથી આગાહી કરવાની ક્ષમતા ધરાવે." આ વિધાનનો કયા હેતુમાં સમાવેશ થાય છે?

(A) જ્ઞાનનો હેતુ (B) કૌશલ્યનો હેતુ (C) સમજપ્રાપ્તિનો હેતુ (D) ઉપયોજનનો હેતુ

(૧.૪) વર્ગને જીવંત રાખવા માટે પાઠ આયોજન એ કેવું પાટિયું છે?

(A) કાળું પાટિયું (B) ધોળું પાટિયું (C) દિશાસૂચક પાટિયું (D) નિશ્ચિત પાટિયું

(૧.૫) અર્થશાસ્ત્રમાં અદ્યતન પ્રવાહોથી માહિતગાર બનવા કયાં સાધન મહત્વનાં છે?

(A) દસ્તાવેજી પત્રકો (B) સામયિકો (C) વર્તમાનપત્રો (D) પાઠય પુસ્તક

(૧.૬) આવક અને જાવકનો હિસાબ રજૂ કરતું પત્રક એટલે શું?

(A) ખરડો (B) બજેટ (C) અહેવાલ (D) દસ્તાવેજી પત્રક

(૧.૭) છૂટા પાઠ આયોજનની પ્રવર્તમાન યોજનાના પ્રણેતા કોણ છે?

(A) રોજર્સ (B) મેસ્લો (C) હર્બર્ટ (D) થોર્નડાઈક

(૧.૮) અર્થશાસ્ત્ર શિક્ષણમાં ઉપયોગી સામયિકો કયાં છે?

(A) કૃષિ સંદેશ – પ્રગતિશીલ શિક્ષણ (B) યોજના – અર્થસંકલન

(C) ચિત્રલેખા – ઈકોનોમિક અફેર્સ (D) અર્થસંકલન – શબ્દ સૃષ્ટિ

(૧.૯) થોર્નડાઈકના તત્પરતાના નિયમ પર આધારિત પાઠ આયોજનનું સોપાન કયું છે?

(A) વિષયવસ્તુ નિરૂપણ (B) મૂલ્યાંકન (C) સમગ્ર કા. પા. નોંધ (D) પ્રારંભ

(૧.૧૦) ભારતની રાજયવાર વસ્તીના આંકડાઓ દશ્ય સ્વરૂપે રજૂ કરવા સૌથી ઉપયુકત શૈ. સાધન કયું?

(A) નકશા (B) આલેખ (ગ્રાફ) (C) વિકાસાત્મક ચાર્ટ્સ (D) નમૂના

(૧.૧૧) કયા પ્રકારના પાઠને સંક્ષિપ્ત અધ્યાપન કે મિની–ટીચિંગ તરીકે ઓળખવામાં આવે છે?

(A) સેતુપાઠ (B) માઈક્રોપાઠ (C) છૂટા પાઠ (D) એકમ પાઠ

(૧.૧૨) માર્શલ પૂર્વેના ચિંતકો અર્થશાસ્ત્રને કયા નામે ઓળખતા હતા?

(A) રાજયશાસ્ત્ર (B) રાજયલક્ષી અર્થકારણ

(C) રાજયલક્ષી અર્થવ્યવસ્થા (D) રાજય વ્યવસ્થા

**૨. નીચે A વિભાગમાં આપેલ બાબતો સામે B વિભાગમાંથી સાચો ઉત્તર શોધી યોગ્ય જોડી બનાવો:** ०४

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| (૨.૧) શિક્ષકની વાણીને સમર્થન | (A) ઉદાહરણ કૌશલ્ય |
| (૨.૨) કથનથી ઊભો થતો કંટાળો દૂર થવો | (B) વિષયાભિમુખ કૌશલ્ય |
| (૨.૩) જ્ઞાનાત્મક સ્તરે સંબંધ પ્રસ્થાપિત કરવો | (C) શ્યામફલક કૌશલ્ય |
| (૨.૪) શિક્ષણની પ્રક્રિયા તાર્કિક–જીવંત બનાવવી | (D) પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય |



www.mkbuonline.com

www.mkbuonline.com

**૩. પહેલી બે બાબતો વચ્ચેના સંબંધનું અર્થઘટન કરી, તે પ્રમાણે બાકીની બે બાબતોનો સંબંધ નિયત થાય તેમ યોગ્ય વિકલ્પ પસંદ કરો:** ૦૪

(૩.૧) પ્રત્યક્ષ માપન : વજન : : પરોક્ષ માપન : ?

(A) કદ (B) ગરમી (C) બુદ્ધિ (D) ઊંચાઈ

(૩.૨) એકમ આયોજન : હર્બર્ટ : : સૂક્ષ્મ અધ્યાપન : ?

(A) એલન ડ્વાઈટ (B) બર્નાર્ડ (C) વિલિયમ કિલપેટ્રિક (D) બોસિંગ

(૩.૩) વિષયાભિમુખ : ઉત્તેજના અને રસ : : ? : ધ્યાનાકર્ષણ અને વિકેન્દ્રીકરણ

(A) સ્પષ્ટીકરણ (B) શ્યામફલક નોંધ (C) સુદઢીકરણ (D) પ્રશ્નપ્રવાહિતા

(૩.૪) જ્ઞાન : પારિભાષિક શબ્દોની વ્યાખ્યા આપવી : : કૌશલ્ય : ?

(A) અર્થશાસ્ત્રીઓના કાર્યોની યાદી બનાવવી

(B) ઘરના આર્થિક વ્યવહારોનું સરવૈયું તૈયાર કરવું

(C) ભારતના પ્રાકૃતિક નકશામાં ઉચ્ચપ્રદેશો અને મેદાનો દર્શાવી નકશાપૂર્તિ કરવી

(D) ઉદારીકરણની વૈશ્વિક જરૂરિયાતનાં કારણો જણાવવાં

**૪. નીચેના પૈકી કોઈપણ બેના, દરેકનો ૨૦૦ શબ્દોમાં ઉત્તર લખો:** ૧૦

(૪.૧) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમજના વિકાસમાં અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્વ સમજાવો.

(૪.૨) પાઠ આયોજનની સંકલ્પના, સોપાનો અને અગત્ય વિગતે સ્પષ્ટ કરો.

(૪.૩) અર્થશાસ્ત્રના શિક્ષણમાં કમ્પ્યૂટર કઈ રીતે ઉપયોગી સિદ્ધ થઈ શકે? સુસંગત ઉદાહરણો આપી સમજાવો.

**૫. નીચેના પૈકી કોઈપણ ત્રણના, દરેકનો ૧૦૦ શબ્દોમાં ઉત્તર આપો:** ૦૬

(૫.૧) ધોરણ 11ના અર્થશાસ્ત્ર વિષયના પ્રવર્તમાન પાઠયક્રમના કોઈ એક એકમના સંદર્ભમાં અર્થગ્રહણના બે વિશિષ્ટ હેતુઓની રચના કરો.

(૫.૨) અર્થશાસ્ત્ર વિષયના અધ્યયન–અધ્યાપનમાં ઉપયોગી સામયિકોના નામની યાદી આપો.

(૫.૩) આર્થિક સમસ્યાઓના સંદર્ભમાં અર્થશાસ્ત્ર શિક્ષણનું શું મહત્વ છે?

(૫.૪) સૂક્ષ્મ અધ્યાપનની સંકલ્પના સ્પષ્ટ કરો.

(૫.૫) દસ્તાવેજી પત્રકોનો અર્થશાસ્ત્રના શિક્ષણમાં શો ઉપયોગ છે?

**૬. નીચેના પૈકી કોઈપણ એકનો સમીક્ષાત્મક કે પૃથક્કરણાત્મક ઉત્તર ૨૦૦ શબ્દોમાં લખો:** ૦૪

(૬.૧) "તાસ આયોજન કરતાં એકમ આયોજન વધુ અસરકારક અને હેતુલક્ષી પૂરવાર થાય છે."– વિધાનના સમર્થનમાં તમારી દલીલો જણાવો.

(૬.૨) "અર્થશાસ્ત્ર એ કલા અને વિજ્ઞાન બન્નેનો સુભગ સમન્વય છે." – શું તમે આ વાત સાથે સમ્મત છો? શા માટે?

**૭. નીચેના પૈકી કોઈપણ એકનો ૫૦૦ શબ્દોમાં ઉત્તર આપો:** ૧૦

(૭.૧) અર્થશાસ્ત્ર શિક્ષણમાં શૈક્ષણિક સાધનોની સંકલ્પના આપી, તેમની યાદી લખો અને તેમનું મહત્વ સવિસ્તર સ્પષ્ટ કરો.

(૭.૨) નીચેના સોપાનોને ધ્યાનમાં રાખી અર્થશાસ્ત્રના ધોરણ 12ના પ્રવર્તમાન પાઠય પુસ્તકના કોઈ એક પ્રકરણ શીખવવા માટેની છૂટા તાસની આયોજન નોંધ તૈયાર કરો:

(i) વિશિષ્ટ હેતુઓ (ii) શિક્ષક પ્રવૃત્તિઓ

(iii) કા. પા. નોંધ (iv) મૂલ્યાંકન



www.mkbuonline.com